1. ભારતના વિદેશ વ્યાપારની તરાહ સમજાવો.

- ભારતના વિદેશ વ્યાપારની તરાહમાં પરિવર્તન થતું રહ્યું. છે. પ્રાચીન સમયમાં ભારતના મલમલની નિકાસ દુનિયાના ઘણા દેશોમાં થતી હતી. ઘણા દેશો જોડે ભારત વ્યાપાર સંબંધથી જોડાયેલો હતો. પ્રથમ તબક્કામાં ગરમ મસાલા (તેજાના) સૂકો મેવો, રેશમી કાપડ, અનાજ, ચા, ફળો, શાકભાજી, કપાસ, માછલાં, ચામડાનો સામાન વગેરે ચીજોની નિકાસ વિદેશમાં થતી હતી. દ્વિતીય તબક્કામાં અંગ્રેજોના શાસન દરમિયાન ભારતનો વિદેશ વ્યાપાર મંદ બન્યો. ભારતમાંથી પ્રાથમિક ચીજવસ્તુઓની નિકાસ થતી હતી. યુરોપ ખંડના દેશોમાંથી ઔદ્યોગિક પેદાશોની આયાત થતી હતી.
- તૃતીય તબક્કામાં આઝાદી પછી ભારતમાં ઉદ્યોગોનો વિકાસ થયો. દૂરસંચાર, પરિવહન અને ટેકનોલૉજીના વિકાસનો લાભ વિદેશ વ્યાપારને થયો છે. ભારત સરકારે 1991 પછી ઔદ્યોગિક ક્ષેત્રે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની નીતિ અપનાવી.
- પરિણામે ઉદ્યોગો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓ વિકસિત દેશો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના જેવી ગુણવત્તાવાળી બનવા લાગી છે. ભારતના પરંપરાગત વ્યાપારનું પ્રમાણ ઘટી રહ્યું છે. જ્યારે સૉફ્ટવેર ક્ષેત્રે સેવાઓના આંતરરાષ્ટ્રીય વ્યાપારનું પ્રમાણ વધી રહ્યું છે.
- વર્તમાન સમયમાં ભારતની નિકાસ : રમતગમતનાં સાધનો, દૂધની બનાવટો, રસાયણો, ઈજનેરી સામાન, ઈલેક્ટ્રૉનિક્સ અને સૉફ્ટવેર, તૈયાર કપડાં, પેટ્રોલિયમ પેદાશો, ઘરેણાં વગેરે.

2. ભારતના વિદેશ વ્યાપારની બદલાતી તરાહ સમજાવો. (March 19).

- ભારતના વિદેશ વ્યાપારની તરાહમાં પરિવર્તન થતું રહ્યું. છે. પ્રાચીન સમયમાં ભારતના મલમલની નિકાસ દુનિયાના ઘણા દેશોમાં થતી હતી. ઘણા દેશો જોડે ભારત વ્યાપાર સંબંધથી જોડાયેલો હતો.
- પ્રથમ તબક્કામાં ગરમ મસાલા (તેજાના) સૂકો મેવો, રેશમી કાપડ, અનાજ, ચા, ફળો, શાકભાજી, કપાસ, માછલાં, ચામડાનો સામાન વગેરે ચીજોની નિકાસ વિદેશમાં થતી હતી.
- દ્વિતીય તબક્કામાં અંગ્રેજોના શાસન દરમિયાન ભારતનો વિદેશ વ્યાપાર મંદ બન્યો. ભારતમાંથી પ્રાથમિક ચીજવસ્તુઓની નિકાસ થતી હતી. યુરોપ ખંડના દેશોમાંથી ઔદ્યોગિક પેદાશોની આયાત થતી હતી. તૃતીય તબક્કામાં આઝાદી પછી ભારતમાં ઉદ્યોગોનો વિકાસ થયો. દૂરસંચાર, પરિવહન અને ટેકનોલૉજીના વિકાસનો લાભ વિદેશ વ્યાપારને થયો છે.
- ભારત સરકારે 1991 પછી ઔદ્યોગિક ક્ષેત્રે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની નીતિ અપનાવી. પરિણામે ઉદ્યોગો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓ વિકસિત દેશો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના જેવી ગુણવત્તાવાળી બનવા લાગી છે. ભારતના પરંપરાગત વ્યાપારનું પ્રમાણ ઘટી રહ્યું છે. જ્યારે સૉફ્ટવેર ક્ષેત્રે સેવાઓના આંતરરાષ્ટ્રીય વ્યાપારનું પ્રમાણ વધી રહ્યું છે.
- વર્તમાન સમયમાં ભારતની નિકાસ : રમતગમતનાં સાધનો, દૂધની બનાવટો, રસાયણો, ઈજનેરી સામાન, ઈલેક્ટ્રોનિક્સ અને સૉફ્ટવેર, તૈયાર કપડાં, પેટ્રોલિયમ પેદાશો, ઘરેણાં વગેરે.

3. ભારતના વિદેશ વ્યાપાર વિશે જણાવી, જુદા જુદા દેશો વચ્ચે થતી આયાતનિકાસની માહિતી આપો.

- વસ્તુઓ અને સેવાઓની સ્વૈચ્છિક આપલેને વ્યાપાર કહે છે. વ્યાપારના બે પ્રકાર છે : (1) આંતરિક વ્યાપાર અને (2) આંતરરાષ્ટ્રીય વ્યાપાર, જ્યારે ચીજવસ્તુઓ અને સેવાઓની આપલે જુદા જુદા દેશોની વચ્ચે થાય ત્યારે તેને આંતરરાષ્ટ્રીય વ્યાપાર કહે છે.
- ભારતનો વિદેશ વ્યાપાર : ભારત વિશ્વના મોટા ભાગના દેશો સાથે વ્યાપારિક સંબંધોથી જોડાયેલો છે. ભારતના આર્થિક વિકાસમાં વિદેશ વ્યાપારનો બહુ મોટો હિસ્સો છે.  યુરોપ ખંડના વિકસિત દેશો જર્મની, યુ.કે., બેલ્જિયમ, ઇટલી, ફ્રાન્સ, પોલેન્ડ, સ્વિડન વગેરે દેશો સાથે આયાતનિકાસ.
- આયાત : યંત્રો, યંત્રસામગ્રી, રસાયણો, પરિવહનનાં સાધનો, શસ્ત્રસામગ્રી, ઇલેક્ટ્રૉનિક્સ સામાન, આણવિક શસ્ત્રો, સોનું, ઇલેક્ટ્રિકલ મશીનરી, હીરા, મોતી વગેરે. નિકાસ : સુતર અને સુતરાઉ કાપડ, રબર, કાચ અને તેનાં ઉત્પાદનો, ઇલેક્ટ્રોનિક્સ સામાન, ધાત્વિક ઉત્પાદનો, તૈયાર કપડાં, દવાઓ, તેજાના, હાથકારીગરીની ચીજો વગેરે.  ઉત્તર અમેરિકા ખંડના યુ.એસ. એ., કેનેડા વગેરે દેશો સાથે આયાતનિકાસ. આયાત : પોચું લાકડું, રસાયણો, યંત્રસામગ્રી, દવાઓ વગેરે.
- નિકાસ : સૉફ્ટવેર સેવાઓ, તૈયાર કપડાં, એન્જિનિયરિંગ સામાન, ખેતઉત્પાદનો વગેરે.  દક્ષિણ અમેરિકાના બ્રાઝિલ, ચિલી, પેરુ, આર્જેન્ટિના, પનામા, વેનિઝુએલા વગેરે દેશો સાથે વિદેશ વ્યાપાર. આયાત : ખનીજો, કાગળ, ખનીજ તેલ, ચા વગેરે. નિકાસ : હસ્તકલાકારીગરીની ચીજવસ્તુઓ, મીઠું, રસાયણો વગેરે.  પશ્ચિમ એશિયાના દેશો ઈરાન, ઇરાક, કુવૈત, સાઉદી અરેબિયા, અફઘાનિસ્તાન વગેરે દેશો સાથે વિદેશ વ્યાપાર. આયાત : ખનીજ તેલ, કુદરતી વાયુ, કિંમતી રત્નો વગેરે. નિકાસ : કૃષિપેદાશો, વનિલ પેદાશો, માંસ, બાંધકામ માટેની સામગ્રી તેમજ તેને લગતી સેવાઓ, આઈ.ટી. સેવાઓ વગેરે. ન ઑસ્ટ્રેલિયા સાથે વિદેશ વ્યાપાર આયાત : સોનું, તાંબું, ચાંદી, પ્લેટિનમ, યંત્રસામગ્રી વગેરે.  નિકાસ : કૃષિપેદાશો, વનિલ પેદાશો, ગૃહઉદ્યોગો દ્વારા તૈયાર થયેલી ચીજો વગેરે.

4. આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં પ્રાદેશિક વ્યાપારી સંધોનું વધતું મહત્ત્વ યુરોપીય સંઘ, ઓપેક તથા આસિયાનના વિશેષ સંદર્ભમાં સમજાવો.

- રાષ્ટ્રીય સંરક્ષણાત્મક પ્રતિબંધો સંબંધિત રાષ્ટ્રની અર્થવ્યવસ્થાના વિકાસને અટકાવે છે, તેથી ઘણા દેશોએ આયાત, ઘટાડો કરી નિયંત્રણો ઓછાં કર્યાં છે. કેટલાક દેશોએ અન્ય દેશો સાથે સરળ વ્યાપારી પ્રણાલી અપનાવી છે. આંતરરાષ્ટ્રીય વ્યાપારને ઉત્તેજન મળે તે માટે પ્રાદેશિક વ્યાપાર સંઘો મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય વ્યાપાર અંગેની નીતિ ઘડવી, આંતરરાષ્ટ્રીય વ્યાપાર વધારવો, આયાતજકાતો ઘટાડવી કે નાબૂદ કરવી, આંતરરાષ્ટ્રીય વ્યાપારને અવરોધતાં પરિબળો ઉપર નિયંત્રણો મૂકવાં અને વિકાસશીલ દેશોનાં ઉત્પાદનો માટે વિકસિત દેશોનાં બજારો ઉપલબ્ધ કરાવવાં વગેરે પ્રવૃત્તિઓ પ્રાદેશિક વ્યાપાર સંધો કરી રહ્યાં છે. યુરોપીય સંઘ, ઓપેક તથા આસિયાન વગેરે સંગઠનો આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં નીચે જણાવ્યા પ્રમાણે સહાય કરી રહ્યાં
- 1. યુરોપીય સંઘ (European Union EU) : 1999ના પ્રારંભમાં આ સંઘનાં બધાં સભ્યરાષ્ટ્રો માટે એક અલગ ચલણ 'યુરો ડૉલર' શરૂ કરવામાં આવ્યું છે. સભ્યરાષ્ટ્રોને આર્થિક વ્યવસ્થામાં સાંકળવામાં આવ્યાં છે, જેથી તેઓની વચ્ચે આંતરરાષ્ટ્રીય વ્યાપારનો વિકાસ થાય.

- 2. HIS (Organisation of Petroleum Exporting countries OPEC) : ઓપેકનાં સભ્યરાષ્ટ્રો ખનીજ તેલનું ઉત્પાદન કરતાં રાષ્ટ્રો છે. ખનીજ તેલની કિંમતસંબંધી નીતિઓ તૈયાર કરવી તથા ચોક્કસ સમયગાળામાં ખનીજ તેલનું કેટલું ઉત્પાદન કરવું. તે આ સંગઠન નક્કી કરે છે.
- 3. U (Association of South East Asian Nations ASEAN): દક્ષિણપૂર્વ એશિયાના રાષ્ટ્રો આ સંગઠનનાં સભ્યરાષ્ટ્રો છે. આ સંગઠન સભ્યરાષ્ટ્રો વચ્ચે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક સંબંધો બાંધી આપે છે અને ક્ષત્રિય શાંતિ જાળવે છે. આ સંગઠનના કારણે સભ્યદેશો અને વિશ્વના અન્ય દેશો વચ્ચેનો વ્યાપાર ઝડપથી વિકસી રહ્યો છે. પ્રાદેશિક વ્યાપાર સંગઠનો પોતાનાં સભ્યરાષ્ટ્રોને સારા આંતરરાષ્ટ્રીય વ્યાપાર માટે પ્રોત્સાહન આપી રહ્યાં છે.